Tuesday
30.12.2025
✳Volume :10 ✳ Issue No.172
✳Email.:kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

✳Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

# પ્રધાનમંત્રીએ દિલ્હીમાં મુખ્ય સચિવોની પાંચમી રાષ્ટ્રીય પરિષદની અધ્યક્ષતા કરી



## વિકસિત ભારત એ સુશાસન, સેવા વિતરણ અને ઉત્પાદન (મેન્યુફેક્ચરિંગ) માં ગુણવત્તા અને ઉત્કૃષ્ટતાનો પર્યાય છેઃ પ્રધાનમંત્રી

- **પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત તેના યુવાનોની શક્તિથી સંચાલિત 'રિફોર્મ એક્સપ્રેસ' માં સવાર થયું છે**
- **પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારતનો વસ્તી વિષયક લાભ (demographic advantage) વિકસિત ભારત તરફની યાત્રાને નોંધપાત્ર રીતે વેગ આપી શકે છે**
- **'મેડ ઇન ઇન્ડિયા' વૈશ્વિક ઉત્કૃષ્ટતા અને સ્પર્ધાત્મકતાનું પ્રતીક બનવું જોઈએ**
- **પ્રધાનમંત્રીએ આત્મનિર્ભરતાને મજબૂત કરવા અને 'ઝીરો ઇફેક્ટ, ઝીરો ડિફેક્ટ' પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાને દ્રઢ કરવા પર ભાર મૂક્યો**
- **આયાત પરની નિર્ભરતા ઘટાડવા અને આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે પ્રધાનમંત્રીએ સ્થાનિક ઉત્પાદન માટે ૧૦૦ ઉત્પાદનો ઓળખી કાઢવાનું સૂચન કર્યું**
- **પ્રધાનમંત્રીએ દરેક રાજ્યને ટૂંક સમયમાં શરૂ થનારા 'નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન' ને સર્વોચ્ચ અગ્રતા આપવા અનુરોધ કર્યો**
- **પ્રધાનમંત્રીએ રાજ્યોને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' વધારવા અને ભારતને ગ્લોબલ સર્વિસ જાયન્ટ (વૈશ્વિક સેવા ક્ષેત્રની મહાશક્તિ) બનાવવા આહ્વાન કર્યું**
- **ભારતને વિશ્વનો 'ફૂડ બાસ્કેટ' બનાવવા માટે પ્રધાનમંત્રીએ ઉચ્ચ મૂલ્ય ધરાવતી ખેતી (high value agriculture) તરફ વળવા પર ભાર મૂક્યો**
- **પ્રધાનમંત્રીએ રાજ્યોને વૈશ્વિક સ્તરનું પ્રવાસન સ્થળ બનાવવા માટે રોડમેપ તૈયાર કરવા નિર્દેશ આપ્યા**



કમલમ્,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં મુખ્ય સચિવોની ૫મી રાષ્ટ્રીય પરિષદને સંબોધિત કરી હતી. આ ત્રણ દિવસીય કોન્ફરન્સ ૨૬ થી ૨૮ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન દિલ્હીના પૂસા ખાતે યોજાઈ હતી. પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું કે આ કોન્ફરન્સ સહકારી સંઘવાદ (cooperative federalism) ની ભાવનાને મજબૂત કરવા અને વિકસિત ભારતના વિઝનને હાંસલ કરવા માટે કેન્દ્ર-રાજ્ય ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટેનું અન્ય એક નિર્ણાયક પગલું છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જ્ઞાન, કૌશલ્ય, આરોગ્ય અને ક્ષમતાઓ ધરાવતી માનવ મૂડી (Human Capital) એ આર્થિક વૃદ્ધિ અને સામાજિક પ્રગતિનું મૂળભૂત પ્રેરક બળ છે અને તેને 'હોલ-ઓફ-ગવર્નમેન્ટ' અભિગમ દ્વારા વિકસાવવી જોઈએ. આ કોન્ફરન્સમાં 'વિકસિત ભારત માટે માનવમૂડી' ની મુખ્ય થીમ પર ચર્ચા કરવામાં આવી હતી. ભારતના વસ્તી વિષયક લાભ પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે લગભગ ૭૦ ટકા વસ્તી કાર્યકારી વય જૂથમાં છે, જે એક અનન્ય ઐતિહાસિક તક ઉભી કરે છે જે આર્થિક પ્રગતિ સાથે મળીને વિકસિત ભારત તરફની ભારતની યાત્રાને નોંધપાત્ર રીતે વેગ આપી શકે છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત મુખ્યત્વે તેની યુવા વસ્તીની શક્તિ દ્વારા સંચાલિત "રિફોર્મ એક્સપ્રેસ" માં સવાર થયું છે, અને આ વસ્તીને સશક્ત બનાવવી એ સરકારની મુખ્ય અગ્રતા છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ કોન્ફરન્સ એવા સમયે યોજાઈ રહી છે જ્યારે દેશ આગામી પેઢીના સુધારાઓનો સાક્ષી બની રહ્યો છે અને એક મોટી વૈશ્વિક આર્થિક શક્તિ બનવા તરફ સતત આગળ વધી રહ્યો છે. તેમણે વધુમાં અવલોકન કર્યું કે વિકસિત ભારત ગુણવત્તા અને ઉત્કૃષ્ટતાનો પર્યાય છે અને તમામ હિતધારકોને સરેરાશ પરિણામોથી આગળ વધવા અનુરોધ કર્યો હતો. શાસન, સેવા વિતરણ અને ઉત્પાદનમાં ગુણવત્તા પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે "મેડ ઈન ઈન્ડિયા" લેબલ ઉત્કૃષ્ટતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતાનું પ્રતીક બનવું જોઈએ. પ્રધાનમંત્રીએ આત્મનિર્ભરતાને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતા જણાવ્યું હતું કે ભારતે ઉત્પાદનોમાં 'ઝીરો ડિફેક્ટ' અને ન્યૂનતમ પર્યાવરણીય પ્રભાવ (zero effect) સાથે આત્મનિર્ભરતા કેળવવી જોઈએ, જેથી 'મેડ ઈન ઈન્ડિયા' લેબલ ગુણવત્તાનો પર્યાય બને. તેમણે કેન્દ્ર અને રાજ્યોને આયાત નિર્ભરતા ઘટાડવા અને આર્થિક સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે સંયુક્ત રીતે સ્થાનિક ઉત્પાદન માટે ૧૦૦ ઉત્પાદનો ઓળખવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કૌશલ્ય વિકાસ વ્યૂહરચનાઓને વધુ સારી રીતે તૈયાર કરવા માટે રાજ્ય અને વૈશ્વિક સ્તરે કૌશલ્યની માંગનું મેપિંગ કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઉચ્ચ શિક્ષણમાં પણ તેમણે સૂચવ્યું કે શિક્ષણ જગત (academia) અને ઉદ્યોગોએ ઉચ્ચ ગુણવત્તાની પ્રતિભા તૈયાર કરવા માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે. યુવાનોની આજીવિકા માટે પ્રધાનમંત્રીએ અવલોકન કર્યું કે પ્રવાસન મોટી ભૂમિકા ભજવી શકે છે. તેમણે હાઈલાઈટ કર્યું કે ભારત પાસે સમૃદ્ધ વારસો અને ઈતિહાસ છે જેમાં ટોચના વૈશ્વિક પ્રવાસન સ્થળોમાં સ્થાન મેળવવાની ક્ષમતા છે. તેમણે રાજ્યોને ઓછામાં ઓછું એક વૈશ્વિક સ્તરનું પ્રવાસન સ્થળ બનાવવા અને સમગ્ર પ્રવાસન ઈકોસિસ્ટમને પોષવા માટે રોડમેપ તૈયાર કરવા અનુરોધ કર્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે ભારતીય રાષ્ટ્રીય રમત કેલેન્ડરને વૈશ્વિક રમત કેલેન્ડર સાથે જોડવું મહત્વપૂર્ણ છે. ભારત ૨૦૩૬ ઓલિમ્પિકની યજમાની કરવા માટે કામ કરી રહ્યું છે. ભારતે વૈશ્વિક ધોરણોને અનુરૂપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સ્પોર્ટ્સ ઈકોસિસ્ટેમ તૈયાર કરવાની જરૂર છે. તેમણે અવલોકન કર્યું કે નાના બાળકોને તે સમયે સ્પર્ધા કરવા માટે ઓળખવા જોઈએ, તેમને પોષવા જોઈએ અને તાલીમ આપવી જોઈએ. તેમણે રાજ્યોને વિનંતી કરી કે આગામી ૧૦ વર્ષ તેમનામાં રોકાણ કરવું જોઈએ, તો જ ભારતને આવી રમતગમતની સ્પર્ધાઓમાં ઈચ્છિત પરિણામો મળશે. સ્થાનિક અને જિલ્લા સ્તરે રમતગમતની પ્રવૃત્તિઓ અને ટુર્નામેન્ટોનું આયોજન કરવાથી અને ખેલાડીઓનો ડેટા રાખવાથી વાઈબ્રન્ટ સ્પોર્ટ્સ વાતાવરણ ઊભું થશે. પીએમ મોદીએ કહ્યું કે ટૂંક સમયમાં ભારત નેશનલ મેન્યુફેક્ચરિંગ મિશન (NMM) શરૂ કરશે. દરેક રાજ્યએ આને સર્વોચ્ચ અગ્રતા આપવી જોઈએ અને વૈશ્વિક કંપનીઓને આકર્ષવા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવું જોઈએ. તેમણે વધુમાં જણાવ્યુ હતું કે તેમાં ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ, ખાસ કરીને જમીન, ઉપયોગિતાઓ અને સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે. તેમણે રાજ્યોને ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, 'ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' વધારવા અને સેવા ક્ષેત્રને મજબૂત કરવા પણ આહ્વાન કર્યું હતું. સેવા ક્ષેત્રમાં પીએમ મોદીએ કહ્યું કે ભારતને વૈશ્વિક સેવા ક્ષેત્રની મહાશક્તિ બનાવવા માટે હેલ્થકેર, શિક્ષણ, પરિવહન, પ્રવાસન, વ્યવસાયિક સેવાઓ, AI વગેરે જેવા અન્ય ક્ષેત્રો પર વધુ ભાર મૂકવો જોઈએ. પ્રધાનમંત્રીએ એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે ભારત વિશ્વનો ફૂડ બાસ્કેટ બનવાની આકાંક્ષા રાખે છે, ત્યારે આપણે નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીને ઉચ્ચ મૂલ્ય ધરાવતી કૃષિ, ડેરી, મત્સ્યોદ્યોગ તરફ વળવાની જરૂર છે. તેમણે ધ્યાન દોર્યું કે પીએમ ધન ધાન્ય યોજનાએ ઓછી ઉત્પાદકતા ધરાવતા ૧૦૦ જિલ્લાઓની ઓળખ કરી છે. તેવી જ રીતે, શિક્ષણના પરિણામો (learning outcomes) માં રાજ્યોએ સૌથી નીચલા ૧૦૦ જિલ્લાઓને ઓળખવા જોઈએ અને નીચા સૂચકાંકોની આસપાસના મુદ્દાઓને ઉકેલવા પર કામ કરવું જોઈએ. પીએમએ હસ્તપ્રતો (manuscripts) ના ડિજિટાઈઝેશન માટે જ્ઞાન ભારતમ મિશનનો ઉપયોગ કરવા રાજ્યોને વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે રાજ્યો રાજ્યોમાં ઉપલબ્ધ આવી હસ્તપ્રતોને ડિજિટાઈઝ કરવા માટે અભિયાન શરૂ કરી શકાય, પછી તેમાં રહેલા જ્ઞાન અને વિદ્યાના સંકલન તથા વિશ્લેષણ માટે છે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે આ કોન્ફરન્સ સામૂહિક વિચારસરણી અને રચનાત્મક નીતિ સંવાદની ભારતની પરંપરાને પ્રતિબિંબિત કરે છે, અને ભારત સરકાર દ્વારા સંસ્થાગત બનેલી મુખ્ય સચિવોની કોન્ફરન્સ સામૂહિક વિચાર-વિમર્શ માટેનું એક અસરકારક પ્લેટફોર્મ બની ગઈ છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે શાસન અને અમલીકરણને મજબૂત કરવા માટે રાજ્યોએ મુખ્ય સચિવો અને ઢૢંજ બંને કોન્ફરન્સમાંથી ઉભરી આવતી ચર્ચાઓ અને નિર્ણયો સાથે સુસંગત રહીને કામ કરવું જોઈએ. પ્રધાનમંત્રીએ સૂચવ્યું કે અધિકારીઓમાં રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યને પ્રોત્સાહન આપવા અને વિકસિત ભારતના અનુસંધાનમાં શાસનના પરિણામો સુધારવા માટે વિભાગીય સ્તરે સમાન કોન્ફરન્સનું આયોજન કરી શકાય છે. પ્રધાનમંત્રીએ એમ પણ કહ્યું કે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ કેપેસિટી બિલ્ડિંગ કમિશન સાથે મળીને ક્ષમતા નિર્માણ યોજના (capacity building plan) તૈયાર કરવી જોઈએ. તેમણે કહ્યું કે શાસનમાં AI નો ઉપયોગ અને સાયબર સુરક્ષા અંગેની જાગૃતિ એ સમયની માંગ છે. દરેક નાગરિકની સુરક્ષા માટે રાજ્યો અને કેન્દ્રએ સાયબર સુરક્ષા પર ભાર મૂકવો પડશે. પ્રધાનમંત્રીએ કહ્યુ કે ટેકનોલોજી આપણા સમગ્ર જીવન ચક્ર દરમિયાન સુરક્ષિત અને સ્થિર ઉકેલો પૂરા પાડી શકે છે. શાસનમાં ગુણવત્તા લાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવાની જરૂર છે. નિષ્કર્ષમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે દરેક રાજ્યએ આ કોન્ફરન્સની ચર્ચાઓના આધારે ૧, ૨, ૫ અને ૧૦ વર્ષના લક્ષ્યાંક સાથે ૧૦ વર્ષની કાર્યયોજનાઓ (actionable plans) બનાવવી જોઈએ જેમાં નિયમિત દેખરેખ માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી શકાય. ત્રણ દિવસીય પરિષદમાં પ્રારંભિક બાળપણ શિક્ષણ; શાળા શિક્ષણ; કૌશલ્ય; ઉચ્ચ શિક્ષણ; અને રમતગમત તથા અભ્યાસેતર પ્રવૃત્તિઓ સહિતની વિશેષ થીમ્સ પર ભાર મૂકવામાં આવ્યો હતો, જે સ્થિતિસ્થાપક, સમાવિષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર માનવબળના નિર્માણમાં તેમની ભૂમિકાને માન્યતા આપે છે. પરિષદ દરમિયાન ચર્ચાઃ કોન્ફરન્સ દરમિયાન થયેલી ચર્ચાઓ ટીમ ઈન્ડિયાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જ્યાં કેન્દ્ર અને રાજ્યો વિચારોને કાર્યમાં પરિવર્તિત કરવાની સહિયારી પ્રતિબદ્ધતા સાથે એકઠા થયા હતા. વિચાર-વિમર્શમાં સંમત થયેલા પરિણામોના સમયબદ્ધ અમલીકરણની ખાતરી કરવાના મહત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો જેથી વિકસિત ભારતનું વિઝન નાગરિકોના જીવનમાં મૂર્ત સુધારામાં પરિવર્તિત થાય. સત્રોએ વર્તમાન પરિસ્થિતિ, મુખ્ય પડકારો અને માનવ મૂડી વિકાસ સાથે સંબંધિત અગ્રતા ક્ષેત્રોમાં સંભવિત ઉકેલોનું વ્યાપક મૂલ્યાંકન પૂરું પાડ્યુ હતું. કોન્ફરન્સમાં ભોજન દરમિયાન હેરિટેજ અને હસ્તપ્રત સંરક્ષણ તથા ડિજિટાઈઝેશન; અને પ્રાથમિક આરોગ્ય સંભાળ વિતરણમાં વિચાર-વિમર્શમાં અસરકારક વિતરણ, નાગરિક-કેન્દ્રીય શાસન અને પરિણામ-લક્ષી અમલીકરણના મહત્વ પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો જેથી વિકાસની પહેલો માપી શકાય તેવા જમીની પ્રભાવમાં પરિવર્તિત થાય. ચર્ચાઓમાં સંસ્થાકીય ક્ષમતાને મજબૂત કરવા, આંતર-વિભાગીય સંકલન સુધારવા અને સેવા વિતરણ વધારવા માટે ડેટા-આધારિત દેખરેખ ફ્રેમવર્ક અપનાવવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. પ્રક્રિયાઓને સરળ બનાવવા, ટેકનોલોજીનો લાભ લેવા અને છેવાડાના માનવી સુધી પહોંચની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું જેથી વિકાસના લાભો વિકસિત ભારતના વિઝનને અનુરૂપ સમયસર, પારદર્શક અને સમાવિષ્ટ રીતે દરેક નાગરિક સુધી પહોંચે. પરિષદમાં વિશેષ સત્રોની શ્રેણી યોજવામાં આવી હતી જેમાં ઉભરતી અગ્રતા પર ધ્યાન કેન્દ્રિત વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો. આ સત્રોમાં રાજ્યોમાં ડિરેગ્યુલેશન (નિયમોનું સરળીકરણ), ગવર્નન્સમાં ટેકનોલોજીઃ તકો, જોખમો અને નિવારણ; સ્માર્ટ સપ્લાય ચેઈન અને માર્કેટ લિંકેજ માટે એગ્રીસ્ટેક (AgriStack); એક રાજ્ય, એક વિશ્વ કક્ષાનું પ્રવાસન સ્થળ; આત્મનિર્ભર ભારત અને સ્વદેશી; અને ડાબેરી ઉગ્રવાદ પછીના ભવિષ્ય માટેની યોજનાઓ પર નીતિવિષયક માર્ગો અને શ્રેષ્ઠ પદ્ધતિઓની તપાસ કરવામાં આવી હતી. ચર્ચાઓમાં સહકારી સંઘવાદ, રાજ્ય-સ્તરની સફળ પહેલોનું અનુકરણ અને વિચાર-વિમર્શને માપી શકાય તેવા પરિણામોમાં પરિવર્તિત કરવા માટે સમયબદ્ધ અમલીકરણના મહત્વ પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ કોન્ફરન્સમાં મુખ્ય સચિવો, તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓ, વિષયના નિષ્ણાતો અને કેન્દ્રના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પાલિતાણા : 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ ૨૦૨૬'નું ભવ્ય આયોજન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને નિમંત્રણ

## 'આત્મનિર્ભર ભારત' અને 'સમૃદ્ધ ગામ-સમૃદ્ધ ભારત' ના સૂત્ર સાથે દેશને નવી રાહ ચિંધતું હણોલ ગામ





## હણોલ ગામના વતની અને ભારત સરકારના કેબિનેટ મંત્રી ડો.મનસુખ માંડવિયાની આગેવાનીમાં ગ્રામ સમિતિની પ્રધાનમંત્રી મોદી સાથે રૂબરૂ મુલાકાત

કમલમ્,

પાલિતાણાના હણોલ ગામે છેલ્લા ૧૦ વર્ષથી આત્મનિર્ભરતા, નવીનતા અને સાંસ્કૃતિક સમૃદ્ધિના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. આ સફળતાને આગળ વધારવા અને ગ્રામિણ ભારતની પ્રગતિને પ્રોત્સાહિત કરવા હણોલ ગ્રામ વિકાસ સમિતિ દ્વારા આગામી ૧૩, ૧૪ અને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ 'આત્મનિર્ભર હણોલ મહોત્સવ ૨૦૨૬'નું ભવ્ય ત્રિદિવસીય આયોજન કરવામાં આવનાર છે. આ મહોત્સવનું ઉદઘાટન કરવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીને નિમંત્રણ અપાયું છે. હણોલના પનોતાપુત્ર અને કેન્દ્રિય કેબિનેટ મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાની આગેવાનીમાં હણોલ ગ્રામ વિકાસ સમિતિએ દિલ્હી પહોંચીને પ્રધાનમંત્રી મોદીની રૂબરૂ મુલાકાત લીધી હતી.

પ્રધાનમંત્રી મોદીએ સમિતિના પ્રયત્નો પ્રશંસનીય ગણાવ્યા અને ગ્રામિણ વિકાસ વિષયક ચર્ચામાં ઉંડોરસ પણ દાખવ્યો હતો. ગ્રામ વિકાસ સમિતિએ જણાવ્યું કે આ મહોત્સવ 'આત્મનિર્ભર ભારત' અને 'સમૃદ્ધ ગામ –સમૃદ્ધ ભારત'ના પ્રધાનમંત્રી મોદીના દ્રષ્ટિકોણને સાર્થક બનાવવાના હેતુથી યોજાયો છે.

ત્રણ દિવસીય કાર્યક્રમમાં ગ્રામ ઓલિમ્પિક્સ, ગ્રામ એક્સ્પો, ગ્રામ વિકાસ સંવાદ, તીર્થગામ હણોલના વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન, કુદરતી ખેતી પર સંવાદ અને મકરસંક્રાંતિ પતંગ મહોત્સવ વગેરેનો સમાવેશ થશે. સમિતિએ વધુ જણાવ્યું કે આ મહોત્સવનો હેતુ દેશના યુવાનોને તેમના મૂળભૂત મૂલ્યો, ભારતની ભૂમિ અને ગામડાં સાથે જોડાવા માટે પ્રેરણા આપવાનો છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ પોતાની મૂળ શક્તિને ઓળખી શકે, વાસ્તવિક ભારતને નજીકથી અનુભવી શકે અને જ્યારે આવતીકાલના આગેવાનો બની આગળ વધે, ત્યારે તેમના સંકલ્પ તેમની ભૂમિ, સમાજ અને સંસ્કૃતિ સાથે ઊંડાઈથી જોડાયેલા રહે. હણોલ મહોત્સવ ૨૦૨૬ માત્ર ઉત્સવ નથી, પરંતુ આત્મનિર્ભર અને સમૃદ્ધ ગ્રામિણ ભારતની યાત્રાનું એક પ્રતિકાત્મક પગલુ છે.

